



## ઊભા પાક પર નદીનું પાણી ફરી વળતા ધાનેરા વિસ્તારના કેટલાક ખેડૂતોને મોટું નુકસાન

રેલ નદીમાં અચાનક પાણી આવી જતા ખેડૂતોને પણ નુકસાન વેઠવાનો વારો આવે છે પહેલા તો ખેડૂતો પાણી અને વરસાદની રાહ જોઈને બેઠા હતા કેમ કે આ વર્ષે આ સીઝનમાં પૂરતા પ્રમાણમાં વરસાદ ન થતા ખેડૂતો કાગડોળે રાહ જોઈને બેઠા હતા પરંતુ ગત મોડી રાત્રે ભારે વરસાદ અને અચાનક નદીમાં પાણી આવી જતાં ખેડૂતોના ઊભા પાક પર પાણી ફરી વળ્યું છે વાત કરવામાં આવેલ ધાનેરા તાલુકાના રુણી ગામની તો રુણી ગામે પણ રેલ નદી એ ખેતરોમાંથી પસાર થતા ૧૦ જેટલા ખેડૂતો ના ખેતરો ધોવાણ થઈ જવા પામ્યું હતા.

# ધાનેરા નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ ઉચ્ચ પાળિયા તળાવમાં પડ્યા મોટા ગાબડા

### કોન્ટ્રાકટરનો મોટો ભષ્ટ્રાચાર નગરપાલિકા કાર્યવાહી કરશે?

ધાનેરામાં નગરપાલિકા દ્વારા વિકાસના અનેક કામો હાથ ધરાયેલ છે અને અત્યારે ટૂંક સમયમાં ઊચપાળિયા તળાવનું પણ કામ રૂપિયા ૧૫૪ લાખના ખર્ચે કરવામાં આવેલ છે દર ચોમાસામાં આ તળાવ ભરાઈ જાય છે અને ઓચિંતું પાણી આવવાથી ધાનેરા માં નુકસાન થાય આવી અનેક વખત ઘટનાઓ બનેલી છે તળાવ ના નવીન કામકાજ માટે ભારતીય જનતા પાર્ટીના સભ્યો દ્વારા વિરોધ દર્શાવેલ છતાં હાલ નગરપાલિકાએ આ કામકાજ કરી કોન્ટ્રાક્ટર દ્વારા લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો જોવા મળી રહ્યો છે? ધાનેરા શહેરમાં ચોમાસાના ઋતુમાં અત્યારે સામાન્ય વરસાદ પડેલ છે અને આ સામાન્ય વરસાદમાં પણ આ તળાવની પાળ ઉપર મોટા ગાબડા પડી ગયેલા જોવા મળી રહ્યા છે જો વધુ વરસાદ આવે તો આ ઉચ પાળીયા તળાવ માં કરેલ ખર્ચ ૧૫૪ લાખ રૂપિયા પાણીમાં વહી જતાં વાર નહીં લાગે ઉચ્ચ પાળિયા તળાવ ધાનેરા માં આટલી મોટી રકમ નો ખર્ચ કરી અને કામને નિષ્કાળજી ભર્યું લાપરવાહી અને હલકુ મટિરિયલ વાપરી કોન્ટ્રાક્ટરે કામ કરેલ છે જે આજના સામાન્ય વરસાદથી પડેલ ગાબડા પરથી જાણી શકાય છે અનેક વખતે તળાવ ભરાઈ જવાથી ધાનેરા માં નુકસાન સર્જાય છે તે બાબતેની રજૂઆતો કરવા છતાં તેમની વાતને ઉડાવીને પોતાનું કામ કરી ઉચપાળિયા તળાવ બનાવવામાં મોટો ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યો છે? તો આ બાબતે જીલ્લા કલેક્ટર સાહેબ કોન્ટ્રાક્ટર પર કાયદેસરની કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે.



## રૂણી ગામની રેલ નદીમાંથી પાણીના ટેન્કર સિમેન્ટ સહિત અન્ય સામગ્રી પાણીમાં તણાયા

રૂણી ગામ ની રેલ નદી માં ગુજરાત સરકાર દ્વારા રૂણી થી દેઢા સુધી રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું છે અને તે કામગીરી દરમિયાન



તેમાં પાણીના ટેક્રર સિમેન્ટની બારીઓ સહિતનો માલસામાન ક્યાં પડ્યો હતો અને રાત્રીના સમયે અચાનક નદીમાં પાણી આવી જતા બે પાણીના ટેક્રર સહિત સિમેન્ટની બારીઓ અને અન્ય સામગ્રી પાણીમાં તણાઈ જવા પામી હતી વહેલી સવારે સમગ્ર બાબતની રોડ કોન્ટ્રાક્ટર ને જાણ થતા રોડ કોન્ટ્રાક્ટર દ્વારા સિમેન્ટના પાણીના ટેક્રર તો ખેંચીને લાવવામાં આવ્યા હતા પરંતુ અન્ય સામગ્રી પાણીમાં તણાઈ જતાં નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો.



## ધાનેરા તાલુકાના રુણી ગામે નદીનું વહેણ બદલાતા ગ્રામજનોમાં ભય

ગત મોડીરાત્રે ધાનેરા તાલુકાના રુણી ગામની નદીમાં અચાનક પાણી આવી જતા લોકો ભયભીત બની ગયા હતા મોડી રાત્રે ધોધમાર વરસાદનું આગમન થયું હતું અને વરસાદના આગમન બાદ રૂણી ગામ ની રેલ નદીમાં પાણી આવ્યું હતું બીજી તરફ ગામના સરપંચ જણાવી રહ્યા છે કે નદીનું વહેણ બદલાઈ ગયું છે ૨૦૧૫ અને ૨૦૧૭માં જે જગ્યા પર આ નદીનું વહેણ હતું અને આજે ૧૦ જેટલા ખેતરોને છોડી નદીએ પોતાનું વહેણ બદલ્યું છે અને નદી ગામ નજીક પસાર થાય છે ત્યારે ગામના સરપંચે માંગ કરી છે કે આ નદી પર પ્રોટેક્શન દીવાલ બનાવવામાં આવે નહીં તો આવનારા સમયમાં જ્યારે પણ વધારે પાણી આવશે ત્યારે આ પાણી રૂણી ગામ થઈ રામપુરા સહિત ધાનેરાના શહેરી વિસ્તારને પણ નુકસાન પહોંચાડશે માટે તંત્ર તાત્કાલિક ધોરણે નદીના જૂના વહેણ પર પ્રોટેક્શન દિવાલ બનાવે.

# દાંતીવાડા ડેમમાં ૯ ફૂટ અને સીપુ ડેમમાં ૩ ફૂટ નવા પાણીની આવક

દાંતીવાડા તાલુકામાં અડધાથી વધુ ચોમાસુ પૂરું થયા પછી પણ નહિવત્ વરસાદ જેવી પરિસ્થિતિ નિર્માણ પામી હતી. પરંતુ ગત ગુરુવારની રાત્રિ દરમિયાન તાલુકામાં અને ઉપરવાસમાં ધોધમાર વરસાદ પડવાથી જિલ્લાની જીવાદોરી સમાન દાંતીવાડા અને સીપુ બંને ડેમમાં નવા પાણીની આવક શરૂ થઈ છે. તાલુકામાં ચોવીસ કલાકમાં ૪ ઈંચ વરસાદ નોધાવાં પામ્યો છે.

ગત મોડી રાતથી ઉપરવાસમાં ધોધમાર વરસાદ શરૂ થતાં કોરી પડેલી બનાસ નદીમાં પાણીની આવક શરૂ થઈ ગઈ છે. જ્યારે વરસાદ વગર તળાવ સમાન બની ચૂકેલા દાંતીવાડા અને સીપુ બંને ડેમમાં નવા પાણીની



આવક શરૂ થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દાંતીવાડા ડેમમાં ૯ ફૂટ અને સીપુ ડેમમાં ૩ ફૂટ પાણીની આવક થવા પામી છે દિવસના ૨ વાગ્યાના સમય દરમિયાન નવા પાણીનો આવકનો ફલો દાંતીવાડા ડેમમાં ૧૫૬૦ ફૂટ જ્યારે સીપુ ડેમમાં ૧૭૬ ક્યુસેક નોધવામાં આવ્યો છે. અડધાથી વધુ ચોમાસુ વીતવા છતાં ડેમ પાણીના અભાવે સુકાવા લાગ્યો હતો. તેથી દાંતીવાડા સહિત જિલ્લામાં સિંચાઈ અને પીવાના પાણીનો ખતરો મંડરાયો હતો. જ્યારે દાંતીવાડા તાલુકાના ઓઢવા તેમજ આજુબાજુના ગામોના ખેડૂતો પોતાના પશુઓને પીવડાવવા માટે પાણી પણ ટેંકર મારફતે લાવી રહ્યા છે આવી મુશ્કેલીનો સામનો કરતા ખેડૂતો તેમજ તેમના પરિવારોમાં નવા પાણીને લઈને ખુબજ ખુશીનો માહોલ જોવા મળ્યો છે. અને હવે સારો વરસાદ થતાં તાલુકાના સીપુ અને દાંતીવાડા બંને ડેમ ભરાવવાની બનાસવાસીઓને આશા બંધાઈ છે.

# સાબરકાંઠામાં વરસાદનું જોર ઘટ્યું : પોશીનામાં બે અને વિજયનગરમાં એક ઈંચ વરસાદ

### જિલ્લાના અન્ય સ્થળે હળવો વરસાદ વરસ્યો : આકાશમાં વાદળો ગોરંભાયેલા રહેતા વાતાવરણમાં ઠંડક રહી

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લામાં ચારેક દિવસથી અષાઢી માહોલની જેમ શ્રાવણ મહિનામાં મેઘરાજાએ મહેર કરીને કુદરતી સૌંદર્યમાં પ્રાણ પુર્યો છે જેને લીધે જિલ્લામાં ચોતરફ હરીયાળી જોવા મળી રહી છે. દરમિયાન શુક્રવારે જિલ્લામાં મેઘરાજાએ પોરો ખાધો હોય તેમ ખમૈયા કરી દીધા છે જેને લીધે ઉઘાડ નિકળ્યો છે. પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં પોશીનામાં ૨ અને વિજયનગરમાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે અન્ય સ્થળે સામાન્ય વરસાદ પડ્યાના અહેવાલ સાંપડી રહ્યા છે. ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે સાંજે છ વાગ્યાથી શુક્રવારે સાંજે છ વાગ્યા સુધી વિજયનગર તાલુકામાં ૨૯ મી.મી. પોશીનામાં ૪૨, ખેડબ્રહ્માામાં ૧૦, ઈડરમાં ૮, તલોદમાં ૩, પ્રાંતિજમાં ૮, વડાલીમાં ૭ મી.મી. વરસાદ પડ્યો છે. જોકે શુક્રવારે જિલ્લાના અનેક સ્થળે વરસાદી માહોલ હોવા છતાં વરસાદ પડ્યો નથી. જેને લઈને ખાસ્સા દિવસ બાદ ઉઘાડ નિકળ્યો હોય તેવી પ્રતિતિ થઈ રહી છે.

બીજી તરફ સાબરકાંઠા જિલ્લામાં ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ અંદાજે ૫૦.૧૮ ટકા વરસાદ પડ્યો હોવા છતા મોટાભાગની નદીઓમાં નવા નીર આવ્યા નથી જેને લઈને ખાસ કરીને ખેડૂત વર્ગ ખુબજ ચિંતિત જણાઈ રહ્યો છે. તેમ છતા આગામી દિવસોમાં હવામાન વિભાગે સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ પડવાની જે આગાહી કરી છે તે સાચી ઠરે તેમ જિલ્લાની પ્રજા ઈચ્છી રહી છે.

## અભિનંદન

જીતપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર તા. બાયડના ચીફ મેડિકલ ઓફિસર ડો. જતીન એમ. શાહને



આરોગ્ય અને પરિવાર કલ્યાણ દ્વારા સારી કામગીરી જોઈને બે ખાતાકીય પ્રમોશન આપીને નવાજવામાં આવેલ છે આ ઉપરાંત કાયાકલ્પ એવોર્ડ પણ મળ્યો છે.

લોકડોઉનઅને કોવિંદના અઢી મહિના દરમિયાન જીતપુર સામુહિક આરોગ્ય કેન્દ્રની વ્યવસ્થિત રીતે કામગીરી સંભાળેલ આ દરમિયાન એમએલસી વર્ક ડીલીવરી અને ઓપીડી વિભાગમાં સઘન કામગીરી કરેલ. આ કેન્દ્રની નજીકમાં તેનપુર આંબલીયારામા કોરોના પોઝિટિવ કેસો હોવા છતાં પોતાના ખર્ચે પીપી કીટનો સામાન ખરીદ્યો હતો અને રાત દિવસ સેવારત રહેલ હતા. તેઓના આ બે ખાતાકીય પ્રમોશનને ખડાયતા સમાજ ગ્રામજનો અને સ્ટાફે આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજ પોલીસે બે દિવસમાં બે જગ્યાએ રેડ કરી ૧૭ શકુનીઓને ઝડપી પાડ્યા

પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા પાસેથી બે દિવસમાં ૧૭ શંકુનીઓને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડ્યા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના મજરા ગામની સીમમાં આવેલ કેનાલ પાસેથી તા.૧૨.૮.૨૦૨૦ના રોજ જાહેરમાં પૈસા પાના વડે તીન પત્તીનો હાર જીતનો જુગાર રમતા આઠ શકુનીઓને ઝડપી પાડ્યા હતા જેમાં અંગ જડતીમાંથી ૨૬૦૮૦ તથા દાવની રકમ ૬૮૦ તથા પત્તા સહિત કુલ ૨૬,૭૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. પ્રાંતિજ પોલીસના હેડ કોન્સ્ટેબલ દેવજીભાઈ નરસિંહભાઈની ફરિયાદના આધારે પ્રાંતિજ પોલીસે મુકેશભાઈ રણછોડજી ઠાકોર ઉ.વર્ષ-૩૫, કાનાજી અમરાજી ઠાકોર ઉ.વર્ષ-૨૭, પૃથ્વીસિંહ માસંગજી સોલંકી ઉ.વર્ષ-૩૧ તમામે તમામ રહે. જાખોરા ઈન્દીરાનગર તા.જી.ગાંધીનગર, વિનોદજી મશાજી ઠાકોર ઉ.વર્ષ-૨૯ રહે. જાખોરા છાપરાવાસ તા.જી.ગાંધીનગર, અશોકકુમાર નેપુજી ઠાકોર ઉ.વર્ષ.૨૬ રહે. તાજપુર પટેલ વાસ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા, સુરેશભાઈ જગાભાઈ ઠાકોર ઉ.વર્ષ-૨૩ રહે. ધણપ અંજલિ હોટલની સામે બોરકુવા પર તા. જી.ગાંધીનગર, રામજીભાઈ રાણાભાઈ ઠાકોર ઉ.વર્ષ-૩૨ રહે.જી.ઈ.બી. પાવર હાઉસની સામે છાપરામાં તા.જી.ગાંધીનગર મુળ રહે. વાસણા ચોધરી, તા.જી.ગાંધીનગર, પુનમભાઈ હેમજીભાઈ ઠાકોર ઉ.વર્ષ-૩૩ રહે. અનવરપુરા જીતુભાઈ મિસ્ત્રીના કુવા ઉપર તા. પ્રાંતિજ જી.સાબરકાંઠા મુળ.રહે.દુદોસણ તા.વાવ જી.બનાસકાંઠા તમામે તમામ સામે જુગાર કલમ ધારા ૧૨ મુજબ ગુનોનોધી આગળની તપાસ હાથ ધરી હતી. તા.૧૩.૮.૨૦૨૦ ના રોજ મજરા ગામની સીમમાં આવેલ ડેજારો ફેક્ટરી પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા નવ શકુનીઓને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડયા હતાં. જેમાં તેમની પાસેથી અંગ જડતીમાંથી ૧૫,૬૮૦ તથા દાવની રકમ ૩૦૭૦ તથા ગંજીપાના મળી કુલ ૧૮,૭૫૦નો મુદ્દામાલ સાથે નવની અટકાયત કરી હતી જેમાં મહેશભાઈ લીલાભાઈ ચાવડા ઉ.વર્ષ-૪૨, દીનાજી બાબુજી ડાભી ઉ.વર્ષ-૩૦, બકાજી પ્રધાનજી ઠાકોર ઉ.વર્ષ.-૩૦, કેશાભાઈ લાલાભાઈ ડાભી ઉ.વર્ષ-૩૨, શંકરભાઈ હીરાભાઈ ડાભી ઉ.વર્ષ-૫૦, નરસિંહભાઈ દાનાભાઈ ડાભી ઉ.વર્ષ-૩૦, અમરતભાઈ હીરાભાઈ ડાભી ઉ.વર્ષ-૩૮, રામસિંહ જગુભાઈ ઠાકોર ઉ.વર્ષ-૩૦ તમામે તમામ રહે. મજરા ત્રણ રસ્તા કેનાલ ઉપર તા. પ્રાંતિજ.જી. સાબરકાંઠા તથા રામાભાઈ દયારામભાઈ ઠાકોર ઉ.વર્ષ -૪૧ રહે. ધણપ તા.જી. ગાંધીનગર તો પ્રાંતિજ હેડ કોન્સ્ટેબલ દિપકસિંહ જગતસિંહની ફરીયાદના આધારે જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોધી આગળની તપાસ મહિલા પીએસઆઈ એ.બી. મિસ્ત્રી દ્વારા હાથ ધરવામાં આવી છે.

# સાબરકાંઠા-અરવલ્લીના ખેડૂતો માટે ખાતરની ઘર આંગણે સગવડ

### હિંમતનગર રેલવે સ્ટેશન પર રેંક પોઈન્ટ કાર્યરત કરાયો : કૃભકો દ્વારા ૬૭ હજાર બોરી બરેલી માલગાડી હિંમતનગર આવી પહોંચી

હિંમતનગર, તા. ૧૪

છેલ્લા ઘણા વર્ષોથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અસંખ્ય ખેડૂતોને રાસાયણીક ખાતર માટે મહેસાણામાં આવેલ રેલવેના રેંક પોઈન્ટ પર આધાર રાખવો પડતો હતો જેને લઈને ખેડૂતોને સમયસર ખાતર મળી શકતુ ન હતુ. પરંતુ જિલ્લાના રાજકારણીઓએ કેન્દ્ર સરકારમાં અનેક વખત કરાયેલી રજુઆત બાદ હિંમતનગરમાં બ્રોડગેડ રેલવે લાઈનના વિસ્તૃતિકરણની સાથે ખાતર માટે અલાયદો રેંક પોઈન્ટ બનાવવા માટે કરેલી માંગણી બાદ તે તૈયાર કરાયો છે. જ્યાં શુક્રવારે પ્રથમ વખત કૃભકો દ્વારા અંદાજે ૩ હજાર મેટ્રીક ટન (૬૭ હજાર બોરી) યુરીયા ખાતરનો જથ્થો ભરેલી માલગાડી હિંમતનગર આવી પહોંચા બંને જિલ્લાના ખેડૂત અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ માલગાડીને આવકારવામાં આવી હતી.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લાખ્ખો પરીવારો ખેતી આધારીત હોવાને કારણે તેઓ શીયાળુ, ઉનાળુ અને ચોમાસુ ખેતી કરે છે. ત્યારે પાકના વિકાસ માટે મોટાભાગના તમામ ખેડૂતો રાસાયણીક ખાતરનો વપરાશ કરે તે સ્વાભાવિક છે. પરંતુ ઘણી વખત ખેતીની સિઝન દરમિયાન યુરીયા, ડીએસપી તથા અન્ય પોષક ખાતરોની અછત સર્જાતી હોવાથી ખેડૂતોને કાળાબજારમાં ખાતર ખરીદવા માટે કલાકો સુધી લાઈનોમાં ઉભા રહેવુ પડતુ હતુ. દરમિયાન વર્ષોથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખાતરનો જથ્થો મહેસાણા ખાતે આવેલ રેલવેના રેંક પોઈન્ટ પરથી ટ્રક મારફતે લવાતો હતો જેથી ખેડૂતોને ખુબજ મુશ્કેલી વેઠવી પડતી હતી.

દરમિયાન જિલ્લાના અગ્રણીઓએ કેન્દ્ર સરકારમાં કરેલી રજુઆત બાદ હિંમતનગર ખાતે નવનિર્મિત ખાતરના રેંક પોઈન્ટ પર શુક્રવારે કૃભકો દ્વારા અંદાજે ૩ હજાર મેટ્રીક ટન યુરીયા ખાતરનો જથ્થો લઈને માલગાડી આવી પહોંચી હતી. જ્યા જિલ્લાના અગ્રણીઓ તથા કૃભકોના ડાયરેક્ટર અને જિલ્લા કલેક્ટર દ્વારા શ્રીફળ વધેરીને આવકાર આપવામાં આવ્યો હતો. કૃભકોના ડાયરેક્ટરના જણાવાયા મજુબ જરૂર પડે ત્યારે અથવા તો દર મહિને બે થી ત્રણ રેંક ખાતરનો જથ્થો સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા માટે મોકલવામાં આવશે જેથી હવે પછી ખેડૂતોને ખાતર માટે રઝળપાટ કરવો નહી પડે.

# આજે સાબરકાંઠા જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વ ઉજવાશે

હિંમતનગર, તા. ૧૪

૭૪ માં સ્વાતંત્ર્ય પર્વની શનિવારે દેશભરમાં ઉજવણી થનાર છે. ત્યારે તેના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લાનો કાર્યક્રમ હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે ૯ વાગે યોજાશે. જેમાં મંત્રી તથા કલેક્ટર અને જિલ્લાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરાશે. ત્યારબાદ મંત્રીના હસ્તે કોરોના વોરીયર્સનું અભિવાદન, સન્માન અને વૃક્ષારોપણનો કાર્યક્રમ સંપન્ન થશે.

આ અંગેની વિગત એવી છે કે ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મંત્રી પ્રદિપસિંહ જાડેજા, જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ, ધારાસભ્ય તથા અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ૯ વાગે ધ્વજવંદનનો કાર્યક્રમ સંપન્ન થયા બાદ મંત્રી સ્વાતંત્ર્ય પર્વને અનુરૂપ ઉદ્બોધન કર્યા બાદ કોરોના મહામારી દરમિયાન પ્રસંશનીય કામગીરી કરનાર કોરોના વોરીયર્સનું અભિવાદન કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય ક્ષેત્રે સારી કામગીરી કરનાર નાગરીકોનું પણ સન્માન કરાશે અને છેલ્લે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાશે. જિલ્લાના તમામ તાલુકા મથકો તથા સરકારી અને સહકારી સંસ્થાઓમાં પણ ધ્વજવંદનના કાર્યક્રમ યોજાશે. ગામડાઓમાં ગ્રામ પંચાયત તથા શાળાઓમાં પણ બાળકોની હાજરી વિના શિક્ષકોની ઉપસ્થિતિમાં ધ્વજવંદનના કાર્યક્રમ યોજવામાં આવશે.